**ઊંઝાના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**<u>મું. ઊંઝા.</u>**

**<u>ક્રિમીનલ કેસ નં. : ૩૨૦/૨૦૨૬.</u>**

**<u>આંક – ૦૧ લગત હુકમઃ–</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પોતાના કબજા ભોગવટામાં દેશી પીવાનો દારૂ ફરિયાદ હકીકતની વિગતે જણાવ્યા મુજબનો ૨૦ લીટરથી ઓછા જથ્થાનો રાખી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (એ)(એ) મુજબનો ગુનો કરેલ છે. જેથી આ કામે પુરતો પુરાવો હોઈ આરોપી સામે સદર ગુના અન્વયેનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી આજરોજ હાજર થતાં તેની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને આરોપીએ પોતાનો ગુનો કબુલ રાખેલ છે તેમજ સદર આરોપીને પોતાની સામેનો ગુનો પોતાને કબુલ કરેલ છે જે અંગે અલગથી ગુના કબુલાત પુરસીસ રજૂ કરતાં સદર આરોપીએ સદર ગુનો સ્વખુશીથી કબુલ કરેલ છે. જેથી સદર આરોપીની આ કબુલાતને ન માનવાને કોઈ કારણ નથી. જેથી આરોપી થયેલ ભૂલ બદલ તેઓ પસ્તાવો વ્યકત કરી હવે પછી આવી ભૂલ નહી થાય તેવી ખાતરી આપે છે. તેમજ રૂબરૂ કરેલ રજૂઆત ધ્યાને લઈ તથા તે ઉપરાંત હાલના કેસમાં કોર્ટ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ *"સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટજર હરચંદ્રજી ઠાકોર"* ના કેસમાં ચુકાદો દયાને લઈ તથા આરોપીના સંજોગો દયાને લેતાં તેઓ ગરીબ વર્ગના વ્યકિત હોઈ આરોપીને હળવી સજા કરવા પૂરતુ વ્યાજબી કારણ જણાતુ હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી  હુ ક મ ::–**

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ કલમ–૨૭૫ મુજબ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ.૨૦૦/– અંકે રૂપિયા બસો પુરાનો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ દિન–૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૨) મુદ્દામાલ પાવતી મુજબનો બિનકિંમતી મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવો. જયારે કિંમતી મુદ્દામાલ તેના માલીકની ખરાઈ કરી પરત સોંપવો.

હુકમ આજરોજ તારીખ ૧૪મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**યોગિતા શર્મા**
CODE No. GJ 01529
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઊંઝા.

---

દંડ રૂ............. અંકે રૂપિયા.................. પુરા પાવતી નં........... ઉપર વસુલ આવેલ છે.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬.

નાઝર
મુખ્ય સિનીયર સિવિલ કોર્ટ, ઊંઝા.